

## Cadaver Organ Donor Sampratraj Rupchandra Chaudri



अनुकरणीय • किडनी और लीवर दो युवकों में ट्रांसप्लांट किए गए

# ब्रेन डेड वृद्ध के अंगों ने दी नई जिंदगी

# બ્રેઈનડેડ વૃધ્ધના અંગદાનથી આધેડ-યુવાનની જીંદગી ઉજળી થઈ

## બાઈક સ્લીપ થતા વૃધ્ધને ઈજા પહોંચી હતી : ધાર્મિક અને ઓર્ગન ડોનેશનના સમર્થક હતા સંપતરાજ ચૌધરી



# વરાછાના જૈન વૃદ્ધ સંપતરાજ ચૌધરીના અંગદાનથી બે વ્યક્તિને જીવતદાન મળ્યું



## અકસ્માતમાં બ્રેઈનડેડ બનેલ સંપતરાજની બંને કિડની સુરેન્દ્રનગરના આધેડને અને લીવર પ્રાંતિજના યુવાનને ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું

# જૈન સમાજના ચૌધરી પરિવારે બ્રેનડેડ સ્વજનના અંગોનું દાન કર્યું

# સુરતના બ્રેઈનડેડ વૃદ્ધના લિવર અને કિડનીએ બેને નવજીવન આપ્યું

**મૂળ રાજસ્થાનના સ્થાનકવાસી જૈન સમાજના સંપતરાજ ચૌધરીને ગઇ તા.૨૩મીએ અકસ્માત નડ્યા બાદ બ્રેઇનડેડ અવસ્થામાં સરી પડ્યા હતા, પરિવારજનોએ અંગોનું દાન કરાવ્યું**

# બ્રેઈનડેડ વૃદ્ધનાં અંગોનું દાન કરી સમાજને ઉત્તમ ઉદાહરણ અપાયું

■ જૈન સમાજના આ વૃદ્ધને બાઈક પર પુત્ર સાથે જતી વેળા અકસ્માત નડ્યો હતો

સુરત, તા. ૨૫



મૂળ રાજસ્થાનના વતની સંપતરાજ રૂપચંદ ચૌધરી (ઉ.વ. ૭૮) વરાછા, એલ.એચ. રોડ સ્થિત પારસમણી એપાર્ટમેન્ટમાં પરિવાર સાથે નિવૃત્ત જીવન ગુજારી રહ્યા હતા. ગત તા. ૨૩મીએ તેઓ પરવટ પાટિયા સ્થિત મોડેલ ટાઉન પાસે મોબાઈલની દુકાન ચલાવતા પુત્ર અમિત સાથે બાઈક પર ઘરે જમવા આવી રહ્યા હતા ત્યારે બોમ્બે માર્કેટ રોડ રેશ્માભવન સ્વામિનારાયણ સર્કલ પાસે તેઓ બાઈક પરથી નીચે પટકાતાં ગંભીર રીતે ઘવાયા હતા. તેમને સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા, જ્યાં ગઈકાલે તબીબોની ટીમે સંપતરાજ ચૌધરીને બ્રેઈનડેડ જાહેર કર્યા હતા.

ડોનેટ લાઈફના પ્રમુખ નિલેશ માંડલેવાલાએ જણાવ્યું હતું કે, સંપતરાજ ચૌધરીના પરિવારનો સંપર્ક કરાતા તેમના પુત્ર અમિતે કહ્યું હતું કે, તેમના પિતાની અંગદાન કરવાની ઈચ્છા હતી અને પોતે બ્રેઈનડેડ જાહેર કરાય તો અંગોનું દાન કરી ઓર્ગન નિષ્ફળ થયા હોય એવા દર્દીઓને નવજીવન આપવા જણાવ્યું હતું. સંપતરાજ ચૌધરીની દાનમાં મળેલી કિડની સુરેન્દ્રનગરના દિલીપ જોષી (ઉ.વ. ૫૮) અને લિવર ઉત્તર ગુજરાતના પ્રકાશ પટેલ (ઉ.વ. ૪૭)ને ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. જ્યારે બંને ચક્ષુનું લોકદ્રષ્ટિ ચક્ષુબેંકના ડૉ. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું હતું.



# સ્થાનકવાસી જૈન સમાજના બ્રેનડેડ વૃદ્ધના અંગોનું દાન કરી પરિવારે માનવતાની મહેક પ્રસરાવી

# राजस्थानी वृद्ध के अंगदान से दो लोगों को मिला जीवन दान



**वीओटी संवाददाता**
**सूरत, 25 अप्रैल**

मूल रुप से राजस्थान निवासी वृद्ध बाईक फिसलने की घटना में घायल हो गया था। डॉक्टरों ने उन्हें ब्रेन डेड घोषित किया था। ब्रेन डेड वृद्ध के अंगों का दान किया गया था। उनकी किडनी तथा लीवर जरुरतमंद मरीज को ट्रांसप्लांट करने पर दोनों को जीवन दान मिला है।

सूत्रों के मुताबिक मूल रुप से राजस्थान जिला अजमेर, ब्यावर के रहने वाले तथा हाल वराछा त्रिकम नगर में स्थित पारसमणी अपार्टमेंट निवासी सम्पतराज रूपचन्द चौधरी (78 वर्ष) 23 अप्रैल को परवत पाटिया मॉडल टाउन स्थित पुत्र ललीत की मोबाईल की दुकान से खाना खाने के लिए पुत्र के साथ बाईक पर जा रहे थे। इस दौरान बॉम्बे मार्केट स्वामी नारायण सर्कल के पास स्थित रेणुका भवन के पास उनकी बाईक फिसल गई थी। इस घटना में वह बाईक से नीचे गिर गए थे और उन्हें सिर पर गंभीर चोट आई थी। पहले उन्हें बेहोशी की हालत में स्मीमेर अस्पताल में भर्ती किया गया था। जहाँ से अधिक ईलाज के लिए निर्मल हॉस्पिटल में भर्ती किया गया था। जहाँ सिटी स्केन करने पर ब्रेन हेमरेज होने का निदान हुआ था। इसलिए उन्हें वहाँ से महावीर ट्रोमा हॉस्पिटल में भर्ती किया गया था। 24 अप्रैल को डॉक्टरों ने उन्हें ब्रेन डेड घोषित किया था। उनकी इच्छा और परिजनों की सहमती से डोनेट लाईफ द्वारा उनकी किडनी, लीवर और आँखों का दान किया गया। डॉक्टरों के मुताबिक उनकी दोनों किडनी सुरेन्द्र नगर निवासी किरीट एस. जोशी (58 वर्ष) तथा लीवर प्रांतीज उत्तर गुजरात निवासी प्रकाश सुरेश पटेल (37 वर्ष) में ट्रांसप्लांट की गई एवं उनकी आंखों का दान लोकदृष्टी चक्षु बैंक को किया गया। संपतराज चौधरी के अंगों के दान से दो लोगों को जीवन दान मिल गया।